આજીવન કેદની સજા પામેલા કેદીઓને
સી.આર.પી.સી.ની કલમ-૪૩૨, ૪૩૩(એ)
હેઠળ વહેલી જેલમુક્તિ કરવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક: જલક/૩૯૨૦૧૩/GOI-૦૮/જ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ 8 MAY 2013

વંચાણે લીધા,
૧. ગૃહ વિભાગના તા.૦૯/૦૭/૧૯૯૨નો પરિપત્ર ક્રમાંક:જલક/૩૩૯૦/સીએમ/૧૬/પાર્ટ/૨/જ
૨. ભારત સરકારના ગૃહ વિભાગના તા.૦૧/૦૨/૨૦૧૩ના પત્ર ક્રમાક:V-17013/2/2013-PRની સૂચનાઓ.

પરિપત્ર :

રાજ્યની જેલોમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા કેદીઓની સી.આર.પી.સી. કલમ-૪૩૨,૪૩૩(એ)ની જોગવાઇ મુજબ રાજ્ય સરકારને મળેલ સત્તા અન્વયે કેદીની વહેલી જેલમુક્તિ અંગે ક્રમાંક (૧) મુજબ સરકારશ્રીમાં જેલોના ઇન્સપેક્ટર જનરલશ્રી દ્વારા દરખાસ્ત મોકલવામાં આવે છે. સી.આર.પી.સી. કલમ-૪૩૨, ૪૩૩(એ) હેઠળની વહેલી જેલમુક્તિ બાબતમાં તાજેતરમાં નામ.સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમી.અપીલ નં.૪૯૦-૯૧/૨૦૧૧, સંગીત વિરૂદ્ધ હરિયાણા સરકારના કેસમાં તા.૨૦/૧૧/૨૦૧૨ના રોજ આપવામાં આવેલ ચૂકાદાના સંદર્ભે ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૦૧/૦૨/૨૦૧૩ના પત્ર ક્રમાંક:V-17013/2/2013-PRની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તેથી નામ.સર્વોચ્ચ અદાલતના ઉક્ત ચૂકાદા તથા તેની અમલવારી માટે ભારત સરકારની સૂચનાઓનો અમલ હવેથી કરવાનો રહેતો હોઇ સંદર્ભ-૧માં દર્શાવેલ ગૃહ વિભાગના તા.૦૯/૦૭/૧૯૯૨નો પરિપત્ર ક્રમાંક:જલક/૩૩૯૦/સીએમ/૧૬/પાર્ટ/૨/જની જોગવાઇઓ આથી રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેના નામે,

(દિલીપ જી. સોની)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,
જેલોના ઇન્સપેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
સર્વે પોલીસ કમિશનરશ્રીઓ,
સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ
સર્વે અધિક્ષકશ્રીઓ, મધ્યસ્થ જેલો, જિલ્લા જેલો, ખાસ જેલો, ખુલ્લી જેલો, હેડ ક્વાર્ટર સબ જેલો
શાખા સિલેક્ટ ફાઇલ, નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ